For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

આરટીઆઈ અરજીમાં ખુલાસો, સરવેની કામગીરી કરવા એન્જિનિયર્સ ઇન્ડિયા લિમિટેડને કામ સોંપાયું

# એરપોર્ટની ગેસલાઇન માટે ONGCએ ફરી સરવે શરૂ કર્યો


**પાઈપલાઈનનું** સ્થળાંતર થાય તો ડુમસ તરફના પ્રસ્તાવિત 905 મીટર વિસ્તરણમાં મદદરૂપ થઈ શકે

42 ઈંચ વ્યાસની પાઇપલાઇન વેસુ બાજુના રન-વેથી માત્ર 250 મીટર દૂર છે

સુરતઃ ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) એ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) દ્વારા હયાત 2905 મીટરનો રનવે વિસ્તારવાની સંભાવનાઓ ચકાસવા અગાઉ કરેલી માંગણીને પગલે ઓએનજીસી એ ફરી ગેસ પાઈપલાઈનના સ્થળાંતરનો અભ્યાસ કરવા માટે સરવે શરૂ કર્યો છે.

એક RTI જવાબમાં એવું જણાવવામાં આવ્યું છે કે, ONGC એ હજીરા સુધી પહોંચવા માટે સમુદ્ર અને તાપી નદી દ્વારા તેની વિશાલ ગેસ પાઈપલાઈન્સને ફરીથી રૂટ કરવા માટે શક્યતા અભ્યાસ માટે એન્જિનિયર્સ ઈન્ડિયા લિમિટેડ (EIL) ને રોકવામાં આવી છે. અગાઉ ઓએનજીસી 2020 અને 2022 માં પણ સરવે કરી ચૂકી છે. સુરત એરપોર્ટના રનવે નજીકની ઓએનજીસીની પાઈપલાઈન કલ્વર્ટ

...અનુસંધાન પાના 5 પર




## નવેમ્બર-2025 સુધીમાં એન્જિનિયર્સ ઇન્ડિયા લિ. સરવે પૂર્ણ કરશે

કેન્દ્રીય મંત્રી સીઆર પાટિલના નેતૃત્વમાં તાજેતરમાં મળેલી એરોડ્રોમ સલાહકાર સમિતિની બેઠકમાં આ મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં રનવે વિસ્તરણ માટે જમીન સંપાદન સંબંધિત મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. ચર્ચા દરમિયાન, AAI અધિકારીઓએ સહભાગીઓને માહિતી આપી કે EIL રિપોર્ટ પછી, ONGC એ AAI ને માહિતી આપી કે જાળવણી પ્રતિબંધોને કારણે ડુમસ બાજુ તરફ પાઇપલાઇન પર કોઈ કલ્વર્ટ તકનીકી રીતે શક્ય નથી. આ સરવે નવેમ્બર 2025 સુધીમાં પૂર્ણ થશે અને તે પછી સબમિટ કરવામાં આવશે. હાલમાં, 2,905 મીટર રનવેમાંથી, 615 મીટરના રનવેના ઉપયોગ પર કાપ મુકવામાં આવ્યો છે. વેસુ તરફ રહેણાંક પ્રોજેક્ટ્સના નડતરરૂપ બાંધકામને કારણે એમ કરવામાં આવ્યું છે. એને લીધે સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટને વેસુ રનવે 04 માં ફક્ત 2,290 મીટર રનવેનો ઉપયોગ લેન્ડિંગ અને ટેક-ઓફ માટે મળી રહ્યો છે.

## સુરત એરપોર્ટ પરિસરમાંથી ONGCની 36 અને 42 ઇંચ વ્યાસની 2 ગેસ લાઇન પસાર થાય છે

સુરત એરપોર્ટ પરિસરમાં બે ONGC સોર ગેસ પાઇપલાઇન અસ્તિત્વમાં છે. તેમાં 36 ઈંચ અને 42 ઈંચ સાઉથ બેસીન હજીરા ટ્રંક (SBHT) પાઇપલાઇનનો સમાવેશ થાય છે, જે અનુક્રમે 1985 અને 1996 માં નાંખવામાં આવી હતી. તેનો ઉપયોગ બેસીન પ્લેટફોર્મ A (BPA) અને બેસીન પ્લેટફોર્મ B (BPB) થી સુરતના હજીરા સુધી ખાટા સૂકા કુદરતી ગેસના પરિવહન માટે થાય છે. 42 ઈંચ વ્યાસની પાઇપલાઇન વેસુ બાજુના રનવેથી માત્ર 250 મીટર દૂર છે.

## રન-વે 04ના વિસ્તરણ માટે ગેસ લાઈન શિફ્ટ કરવા ONGCને 280 કરોડ ખર્ચ થઈ શકે

સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટના પરિસરમાંથી પસાર થતી ONGC ની ગેસ પાઇપલાઇન સ્થળાંતર માટે 280 કરોડનો અંદાજિત ખર્ચ આવી શકે છે. તાપી રિવર બેઝિન મારફત હજીરા પ્લાન્ટ સુધી સીધા જોડવા માટે એક નવી સમુદ્રી માર્ગ દ્વારા સ્થળાંતર કરવાનું આયોજન કરવું પડે, સુરત આંતરરાષ્ટ્રીય વિમાનમથકની રનવે 04 ના વિસ્તરણ માટે ONGC તેની ગેસ પાઇપલાઇનને

...અનુસંધાન પાના 5 પર

GAS

## રન-વેનું વિસ્તરણ ત્રણ મલ્ટિસ્ટોરી ઇમારતોની ઊંચાઇ બાધાને કારણે મુશ્કેલ

ONGC સફળતાપૂર્વક તેની ગેસ પાઇપલાઇન સ્થળાંતર કરે તો પણ, રનવે 04 નું વિસ્તરણ ત્રણ મલ્ટિસ્ટોરી ઇમારતોની ઊંચાઈ બાધાને કારણે મુશ્કેલ બની શકે છે. એ ઇમારતો 2016 પહેલાં કાયદેસર રીતે મંજૂર અને બાંધવામાં આવી હતી. વિશેષજ્ઞોનું માનવું છે કે આ ઈમારતોને તોડવા માટે ભારે આર્થિક ખર્ચ અને લાંબી કાનૂની પ્રક્રિયાઓ પાર પાડવી પડે, સરકારે લાંબા ગાળાના વિકલ્પો જેમ કે પેરેલલ રનવે (સંખ્યામાં વધુ રનવે) માટે અભ્યાસ કરવો

...અનુસંધાન પાના 5 પર

# 48 કરોડના ખર્ચે દેશનો સૌથી ઊંચો 35 મીટરનો શહીદ સ્તંભ સુરતમાં તૈયાર


(તસવીર : હેમંત ડેરે)

- સુરતનો નવો શહદી સ્મારક દેશનો સૌથી મોટો અને 11 માળનો જેટલો ઊંચો હશે. વેસુનાં ગણેશ મંદિર પાસે બની રહેલા શહીદ સ્મારક શહેરનો સૌથી મોટો અને મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ એટલે શહીદ-સ્મારક આપણા સૈનિકો અને સૈન્યનું શૌર્ય દર્શાવવવાનું કામ આમ તો અમારા માટે અઘરૂ હતુ આ પ્રોજેક્ટ કુલ 85 હજાર સ્કવેર મીટર વિસ્તારમાં છે. દેશમાં બનેલા કોઈ પણ સ્મારક આટલા મોટા વિસ્તારમાં નથી. 5 માળ જેટલા ઊંચા સૈનિકોનાં સ્કલ્પચર, 11 માલનું સ્મારક 85000 સ્કેવર મીટરમાં સમગ્ર પ્રોજેક્ટ સાકાર થશે. 35 મીટર ઊંચો શહીદ સ્તંભ 15 મીટર ઊંચો શૌર્યદ્વાર બનશે. 250 સિટિંગ કેપેસિટીનું ઓડિટોરિયમ પણ અહીં બનાવવામાં આવ્યું છે.

લીઓ ક્લાસિસના ગેરકાયદે બાંધકામનો વિવાદ

# ઉધનાના પૂર્વ કોર્પોરેટર પ્રકાશ દેસાઇ 3 લાખના તોડના કેસમાં ઝડપાયા

**જો** ટિકિટ નહીં આપી તો હું નાચીશ અને આપી તો બેસીસ તેવો કોડવર્ડ પ્રકાશ દેસાઇએ વાપર્યો

**પ્રકાશ** દેસાઇના મિત્ર ફિરોઝે મધ્યસ્થી કરી ખેલ પાર પાડ્યો

સુરત : શહેરમાં કથિત RTI ખંડણીખોરો સામે સતત કાર્યવાહી ચાલી રહી છે. આ વખતે ભાજપના સૌથી મોટા દુશ્મન એવા અપક્ષ સભ્ય પ્રકાશ દેસાઇને ટ્રેપ કરાતા મોટો વિવાદ થયો છે. ઉધના વિસ્તારનો પૂર્વ કોર્પોરેટર પ્રકાશ દેસાઈ RTIનો દુરૂપયોગ કરી ખંડણી ઉઘરાવતો ઝડપાયા છે.

...અનુસંધાન પાના 5 પર



## RTI, ધરણાં અને ખંડણીના નામે કોડવર્ડ ગેમ

પ્રકાશ દેસાઈએ આ મામલે 'થિયેટર' અને 'ટિકિટ' નામના કોડવર્ડ તૈયાર કર્યા હતા. જેમાં 'થિયેટર'નો ઉપયોગ ધરણાં અને 'ટિકિટ'નો ઉપયોગ ખંડણીની રકમ માટે થતો હતો. એક લાખ માટે એક ટિકિટ કોડવર્ડ વાપરતો હતો. આ કોડવર્ડના આધારે લિયો ક્લાસિસના સંચાલક પાસેથી 4.50 ટિકિટ (4.50 લાખ)ની માગણી કરવામાં આવી હતી. જો ટિકિટ નહીં આપી તો હું નાચીશ અને આપી તો બેસીસ જેવી વાત ટેલિફોન પર રેકર્ડ થઇ હોવાની વિગત એસઓજીએ જણાવી છે.

## પૈસા નહીં આપ્યાતો ઉપવાસ પર ઊતરવાની ધમકી આપી હતી

RTIને ધમકીનું હથિયાર બનાવી ખંડણીની માગ કરતો પ્રકાશ દેસાઈએ લિયો ક્લાસિસ વિરૂદ્ધ અનેકવાર RTI કરી અને મનપાની મુખ્ય કચેરી બહાર ધરણાં પર બેસવાની ધમકી આપી હતી. મનપાની તપાસ બાદ કોઇ ગેરકાયદેસર બાંધકામ ન હોવાનો જવાબ આપ્યો હતો છતાં પણ દબાણ વધારતા રહ્યા. RTIને ધમકીનું હથિયાર બનાવી ખંડણીની માગ કરતો હતો. જ્યારે આખરે

...અનુસંધાન પાના 5 પર

## ટેરેસ પરથી ઊતરી પોલીસકર્મી બાલ્કનીથી ઘરમાં ઘૂસ્યો



પૂર્વ કોર્પોરેટરની ધરપકડ કરવા SOGની ટીમ પ્રકાશ દેસાઈના ઘરના ટેરેસ પર હતી. જેની જાણકારી પ્રકાશ દેસાઈને નહોતી. જ્યારે ખંડણીની રકમ પ્રકાશ દેસાઈએ લીધી ત્યારે ફરિયાદીના સૂચન પર અચાનક જ SOGના એક પોલીસકર્મી જીવના જોખમે ટેરેસથી ઉતરીને તેના ઘરની બાલ્કનીની અંદર પહોંચ્યો હતો. આ દૃશ્ય કોઈ ફિલ્મનો હોય તેમ જોવા મળ્યું આ દરમિયાન પ્રકાશ દેસાઈની ધરપકડ કરવા તેના ઘર નીચે SOGના ડીસીપી રાજદીપસિંહ નકુમ અને પીઆઇ સહિતના પોલીસકર્મીઓ હાજર હતા. ટેરેસ પરથી પોલીસકર્મી પ્રકાશ દેસાઈના ઘરમાં અંદર પ્રવેશ્યો હતો. જ્યારે બીજી બાજુ ઘરની નીચેથી SOGની ટીમ પણ ઉપર પહોંચી હતી અને હીંચકા પર બેસેલા પ્રકાસ દેસાઈની ધરપકડ કરી હતી.

## 1995માં 99 પૈકી 98 ભાજપે કબજે કરી હતી, પરંતુ એકમાત્ર અપક્ષ પ્રકાશ દેસાઈ ચુંટાઇ આવ્યા હતા

15 વર્ષ સુધી કોર્પોરેટર રહેલા પ્રકાશ દેસાઈએ એકલા હાથે ભાજપ શાસકોને હંફાવ્યા હતા

**તત્કાલીન** મેયર ગીતા દેસાઈના વિદેશ પ્રવાસના 2.50 લાખ પ્રકાશ દેસાઈના કારણે મનપામાં જમા કરાવવા પડ્યા હતા

સુરતઃ સુરત મનપાના પૂર્વ કોર્પોરેટર પ્રકાશ દેસાઇએ બુધવારે બાંધકામ મુદ્દે ખંડણી માંગવા જતાં સ્પેશિયલ પોલીસ ગ્રુપના હાથે પકડાઇ જતાં શહેરના રાજકારણમાં હડકંપ મચી ગયો હતો. કેમ કે, 15 વર્ષની કોર્પોરેટર તરીકેની કારકિર્દીમાં ક્યારેય ભ્રષ્ટાચારમાં નહીં ખરડાયેલા પ્રકાશ દેસાઇ હવે સાવ નિવૃત્ત થઇ ગયા બાદ બાંધકામો બાબતે તોડપાણીમાં પડે એ વાત આશ્ચર્ય ઉપજાવનારી છે. પ્રકાશ દેસાઇની કોર્પોરેટર તરીકેની કારકિર્દી એવી છે કે ભાજપના નેતાઓ પણ મોંમાં આંગળાં નાંખી જતા હતા.

સુરત મનપામાં ભાજપના સુવર્ણ કાળની ચરમસીમાં એટલે વર્ષ-2095માં 99માંથી 98 બેઠક પર વિજય, જો કે ત્યારે અપક્ષ લડેલા પ્રકાશ દેસાઇ જીતી આવતાં ભાજપના 98 કોર્પોરેટરને ભારે પડતા હતા. ત્યાર બાદ 2000ની સાલમાં પણ અપક્ષ જિત્યા હતા અને 2005માં નરેન્દ્ર મોદીએ

...અનુસંધાન પાના 5 પર

તાપી જિલ્લાના ઇતિહાસમાં માંડળ પ્લાઝા પર સૌથી મોટું આંદોલન, છતાં ટોલમુક્તિનો પ્રશ્ન નહીં ઉકેલાયો

# માંડળ પ્લાઝા પર 2500 લોકોનું આંદોલન, 6 કલાક ચક્કાજામ

**આંદોલન** લાંબુ ખેંચાવવામાં હાઇવે ઓથોરિટી, સ્થાનિક વહીવટી તંત્ર અને ટોલપ્લાઝાના અધિકારીઓમાં સંકલનનો અભાવ તેમજ ફરજ પ્રત્યેની બેદરકારી જવાબદાર

**૨૬મી** માર્ચે હાઇવે ઓથોરિટીના અધિકારીઓને હાજર રાખવાની બાંયધરી અપાઈ, પરંતુ આંદોલનના ૬ કલાક સુધી એકેય અધિકારીઓ ટોલપ્લાઝા પર ફરક્યા ન હતા

વ્યારાઃ તાપી જિલ્લાના ઇતિહાસમાં ટોલમુક્તિ મેળવવા સોનગઢ નગરે સજ્જડ બંધ પાળ્યા બાદ અઢી હજાર જેટલી જનમેદની વચ્ચે સૌથી મોટું અને લાંબુ ખેંચાયેલું આંદોલન માંડળ ટોલપ્લાઝા પર ૬ કલાક સુધી લાંબુ ચાલ્યું છતાં આંદોલનકારીઓને પોતાના પ્રશ્નને ઉકેલવામાં નિષ્ફળતા મળી હતી. આંદોલન લાંબુ ખેંચાવવાનું કારણ હાઇવે ઓથોરિટી, સ્થાનિક વહીવટી તંત્ર અને ટોલ પ્લાઝાના ઉચ્ચ અધિકારીઓમાં સંકલનનો અભાવ તેમજ ફરજ પ્રત્યેની બેદરકારી જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે.

...અનુસંધાન પાના 5 પર



## આશરે ૫ કિ.મી. બંને તરફ ચક્કાજામની સ્થિતિ

વહીવટી તંત્રની બેદરકારીનાં કારણે ને.હા.૫૩ આશરે ૫ કિ.મી. બંને તરફ ચક્કાજામની સ્થિતિ નિર્માણ થતાં ભૂખ્યા તરસ્યા વાહનચાલકોને ભરઉનાળે હેરાન-પરેશાન થવાની સાથે સાથે બપોરે તાપમાં કેબિનમાં ગોંધાયેલા રહેવું પડ્યું હતું. હાઇવે ઓથોરિટીના અધિકારીઓએ બેજવાબદારભર્યું વલણ દાખવતા આંદોલનકારીઓની સ્થાનિક વાહનોને ટોલમુક્તિની માંગને સ્વીકારવાની સ્પષ્ટ ના પાડતાં મામલો ગરમાયો હતો. જેથી વધુ બે બસ ભરી પોલીસનો મોટો કાફલો બપોરે ૪ વાગ્યાના અરસામાં ટોલપ્લાઝા ઉપર ખડકી દેવાયો હતો અને આંદોલનકારીઓની અટકાયત કરતાં મામલો બિચક્યો હતો. જેમાં પોલીસે હળવો લાઠીચાર્જ કરતાં એક તબક્કે તંગદિલીનો માહોલ સર્જાયો હતો. જો કે, સઘન પોલીસ બંદોબસ્ત વચ્ચે વાહનો રાબેતા મુજબ રોડ ઉપર દોડતા થઈ ગયાં હતાં.

## ૮૪ વર્ષના પૂર્વ સાંસદ અમરસિંહ ઝેડ. ચૌધરીને ટોર્ચર કરાયા!

વ્યારાઃ ટોલનાકા પર પ્રદર્શનકારીઓનું પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. માંડલ ટોલપ્લાઝા પર ૧૦ જેટલા આંદોલનકારીને પોલીસ દ્વારા ડિટેઇન કરાયા હોવાનું જાણવા મળ્યું છે. આંદોલનકારી ૮૪ વર્ષનાં પૂર્વ સાંસદ અમરસિંહ ઝેડ. ચૌધરીને ટોર્ચર કરી કફની ફાડી નાંખી હોવાનો આરોપ મૂક્યો છે.



# હવે વેડરોડના નીલકંઠચરણ સ્વામીનો વિવાદીત વિડીયો વાયરલ

**'દ્વારકાપતિએ** મહારાજને પ્રાર્થના કરેલી, મંદિર બનાવો તો મારે ત્યાં આવી નિવાસ કરવો છે'

**દ્વારકાધીશ** મુદ્દે સ્વામીનારાયણના સંતોની ટિપ્પણીથી ચાર દિવસમાં બીજો વિવાદ ઊભો થયો

સુરતઃ સનાતન ધર્મના અનુયાયીઓની લાગણી દુભાય તેવી ટીપ્પણી કરતાં સ્વામિનારાયણના સંતોના નિવેદનો છેલ્લા થોડા સમયથી વિવાદોમાં રહ્યા છે. હિન્દુ દેવી-દેવતાઓ વિશે કરવામાં આવતી

...અનુસંધાન પાના 5 પર

## નીલકંઠચરણ સ્વામીએ વાયરલ વિડીયોમાં શું કહ્યું?

વાઇરલ વીડિયોમાં સ્વામી નિવેદન આપી રહ્યાં છે કે, "મહારાજ કહે છે કે, જ્યારે અમે દ્વારકા ગયેલા, ત્યારે દ્વારકાપતિએ મહારાજને પ્રાર્થના કરેલી, જો આપ કોઈ મોટું ધામ બનાવો, મોટું વિશાળ મંદિર બનાવો, તો મારી ઈચ્છા છે કે ત્યાં આવીને મારે નિવાસ કરવો છે.' આ વાતને વર્ષો પસાર થઈ ગયા બાદ મહારાજે વિચાર્યું કે આ વાતને સત્ય કરવાનો સમય આવી ગયો છે. મસ્તક ઉપર કોઈના કોમળ હાથનો સ્પર્શ થયો, આંખ ખોલીને

...અનુસંધાન પાના 5 પર

# મરાઠીમાં બોર્ડ લખવા મુંબઈ ડાયમંડ એસોસિએશનની ઓફિસે શિવસેના UBTના કાર્યકરોનો હંગામો

**કાળો** કલર નાખી મુંબઈ ડાયમંડ એસો. ના ગુજરાતીમાં લાગેલા બોર્ડને ભૂંસી નાંખ્યું

સુરત : મુંબઈના ગિરગાવ હીરાબજારમાં આવેલા પંચરત્ન ટાવરમાં ચાલતા ધી મુંબઈ ડાયમંડ મર્ચન્ટ એસોસિએશનના કાર્યાલય બહાર ગુજરાતીમાં લાગેલા બોર્ડ પર કાળા રંગનો છંટકાવ કરી શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે UBT) ના કાર્યકરો દ્વારા હોબાળો મચાવવામાં આવ્યો હતો. બોર્ડ મરાઠીમાં લખવા અને મહારાષ્ટ્રીયન ઉદ્યોગકારોને

...અનુસંધાન પાના 5 પર



# હવે બીઆરટીએસ રૂટમાં વાહન લઈ ઘૂસ્યા તો, ઈ-મેમો ઘરે પહોંચશે

**મનપા** દ્વારા સીસીટીવી કેમેરાની વોચ ગોઠવી નંબર પ્લેટ સ્કેન કરી દંડ વસૂલશે

**ઉધના** દરવાજાથી સચિન રૂટ પર પાયલોટ પ્રોજેક્ટ ઈન્સ્ટોલ કરાયો

સુરતઃ સુરત શહેરના બીઆરટીએસ રૂટમાં ખાનગી વાહનો ઘુસાડવા પર પ્રતિબંધ લાગૂ કરવામાં આવ્યો છે. જો કે થોડા સમય માટે સ્વિંગ ગેટ કાર્યરત હતા, ત્યાં સુધી આ પ્રતિબંધનો અમલ થયો પરંતુ સ્વિંગ ગેટ બંધ પડતા ખાનગી વાહનચાલકો બીઆરટીએસમાં ઘૂસી રહ્યા છે. હવે સીસીટીવી કેમેરા દ્વારા આવા વાહન ચલાવતા લોકોની ઓળખ કરી ઈ-ચલણ મેમો મોકલવાનું આયોજન થયું છે. ઉધના દરવાજાથી સચિન બીઆરટીએસ રૂટમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે કેમેરા ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે.

આ મુદ્દે ટ્રાન્સપોર્ટ સમિતિ ચેરમેન સોમનાથ મરાઠેએ જણાવ્યું હતું કે, વર્ષ 2016માં સ્થાયી સમિતિ દ્વારા ટેકનોગ્રેટ એજન્સીને સ્વિંગ ગેટ માટે મંજૂરી આપવામાં આવી હતી પરંતુ, અનેક ખામીઓ સામે આવી. અનેકવાર ચેતવણી અપાઈ તેમ છતાં બેદરકારી દાખવતા એજન્સીને બ્લેક લિસ્ટ કરાઈ છે. પરંતુ હવે બીઆરટીએસ રૂટમાં ફક્ત સરકારી

...અનુસંધાન પાના 5 પર


ત્રીજી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. હસુમતિ રતિલાલ લેસવાલા
તિથિ વદ તેરસ
સ્વ.તા 30-03-૨૦૨૨

કર્મ સદાય એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે અથાગ કઠોર પરિશ્રમ કરી ને સમૃદ્ધ બનાવી સારા સંસ્કાર આપી જીવન જીવવાની રાહ શીખવી ગયા, જગતની દરેક સમૃદ્ધિ મળશે પણ કલ્પવૃક્ષ જેવી તમારી છાયા ક્યાંય નહિ મળે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
સ્વ. રતિલાલ કેશવરામ લેસવાલા
સ્વ.શશીકાંત રતિલાલ લેસવાલા — જ્યોતિ શશીકાન્ત લેસવાલા
ભૂપેન્દ્ર રતિલાલ લેસવાલા — દક્ષા ભૂપેન્દ્ર લેસવાલા
દિનેશ રતિલાલ લેસવાલા — કાશ્મીરા દિનેશ લેસવાલા
સમગ્ર લેસવાલા પરિવાર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

બેસણું



દિલગીરી સાથે જાણવાનું કે અમારા માતૃશ્રી
સ્વ.જ્યોતિબેન ધીરજલાલ કાપડીયા
સોમવાર તા.૨૪/03/૨૦૨૫ ની મોડી સાંજે દેવલોક પામ્યા છે.
પ્રભુ તેમના દિવ્ય આત્મા ને શાંતિ આપે એવી પ્રાર્થના.
સદગતનું બેસણું:-
તા.૨૭/03/૨૦૨૫ ગુરુવાર ના રોજ સાંજે સમય ૪ થી ૬ માં નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ:-
BPAH સુરત, ભરતિયા પોલિટેકનિક એનીમલ હસબન્ડરી હોલ, ભરતિયા એડ્યુકેશન કેમ્પસ, પાંજરાપોળ, બેન્ક ઓફ ઇંડિયાની સામે, ઘોડ દોડ રોડ, સુરત
લિ.
અલુક ધીરજલાલ કાપડીયા (પુત્ર) — પ્રિયાશ્રી અલુક કાપડીયા (પુત્રવધૂ)
ધ્વનન અલુક કાપડીયા (પૌત્ર) — પ્રિયંકા ધ્વનન કાપડીયા (પૌત્રવધૂ)
ગૌરાંગ જે રાવળ (જમાઈ) — રેશમા ગૌરાંગ રાવળ (પુત્રી)
હરીશ એન ખન્ના (જમાઈ) — ઝંખના હરીશ ખન્ના (પુત્રી)

॥ શ્રી સુરતી મોઢ વણિક પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ ॥



સ્વ. મીનાક્ષીબેન વસંતલાલ ગાંધી
સ્વ.તા. ૨૭/૦૩/૨૦૨૪
આપનો પ્રેમાળ, માયાળુ સ્વભાવ, ઉમદા કૌટુંબિક ભાવના તથા સદા હસમુખો ચહેરો તથા આપના બોલેલા શબ્દોના હજી પણ ભણકારા વાગ્યા કરે છે. જેથી હરપળ આપની હાજરીનો આભાસ થયાં કરે છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ અમારી પ્રાર્થના.
લિ.
વસંતલાલ છગનલાલ ગાંધી (એડવોકેટ)
ધર્મેશ વસંતલાલ ગાંધી (એડવોકેટ) — ધર્મિષ્ઠાબેન ધર્મેશકુમાર ગાંધી
શેફાલી પંકજકુમાર વાણીયાવાલા — પિંકી મનીષકુમાર દુધવાલા
હર્ષિલ ધર્મેશકુમાર ગાંધી (એડવોકેટ)
સમસ્ત ગાંધી પરિવારના જય શ્રી કૃષ્ણ
નિવાસસ્થાન : ૩૧-૩૨, મિત્રાલી રો-હાઉસ, સહજ આઈકોનની બાજુમાં, આનંદ મહલ રોડ, અડાજણ, સુરત